**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૧/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી, ૦૫ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦,૭૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૩૨/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ** : શૈલેષકુમાર અંબાલાલ પટેલ (રહે,નળકુંજ સોસાયટી વિભાગ-૧, સિવિલ કેમ્પ રોડ શાહીબાગ) એ તા.૪/૧/૨૦૧૭ નાં રોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ૨૦૧૧ થી ૨૦૧૫ સુધીનાં અલગ-અલગ સમયગાળા દરમ્યાન શૈલેશકુમાર નાઓની નરોડા રોડ ફ્રુટ માર્કેટ, આશીર્વાદ એસ્ટેટ પાસે આવેલ અંબિકા ટેક્ષટાઇલ્સમાંથી અલગ-અલગ આરોપી (૧) પ્રકાશ બાબુલાલ પ્રજાપતિ (૨)પવન બાબુલાલ પ્રજાપતિ (બંને રહે, રેશ્મા રેસીડેન્સી, પુણાં ગામ નહેર સુરત) એ નંગ-૨૨ ચલણવાળો ગ્રે કાપડનો માલ જેની કુલ કિંમત રૂપિયા ૧૯,૮૨,૩૧૫/- ગણી શકાય તેમજ આરોપી (૧) વિકાસ સિખરચંદ રાંકા (રહે, નંદિની એપાર્ટમેન્ટ બિલ્ડીંગ વેશુ સુરત) (૨) સુભાષ સિખરચંદ રાંકા (રહે,નવકાર ટેક્ષટાઇલ્સ સિલ્ક સીટી માર્કેટ સાલાસર ગેટની અંદર રીંગ રોડ સુરત) (૩)સિખરચંદ ભીકમચંદ રોંકા (રહે, નંદિની એપાર્ટમેન્ટ બિલ્ડીંગ વેશુ સુરત) એ નંગ-૨૧ ચલણવાળો ગ્રે કાપડનો માલ જેની કુલ કિંમત રૂપિયા ૧૯,૮૨,૩૧૫/- મતાનો તેમજ આરોપી (૧) મહેશ રામનિવાશ બેરીયા (૨)મનીષ મહેશકુમાર બેરીયા (બંને રહે, મધુરિકા એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત) નાઓએ નંગ-૧૬ ચલણવાળો ગ્રે કાપડનો માલ કુલ કિંમત રૂપિયા ૧૩,૪૭,૨૭૩/- મતાનો તેમજ આરોપી (૧) ચિરાગ રાજુભાઇ પંજાબી (૨) રાજુભાઇ કનૈયાલાલ પંજાબી (બંને રહે, તિરિમાલા એપાર્ટમેન્ટ સોમનાથ મહાદેવ મંદિરની ગલી નહેરુનગરની બાજુમાં ઇચ્છાનાથ અઠવા સુરત) (૩)વિશાલ કનૈયાલાલ પંજાબી (રહે,સુર્યકિરણ એપાર્ટમેન્ટ સીટી લાઇટ રોડ અણુવ્રતગેટની પાસે સુરત) નાઓએ નંગ-૧૮ ચલણ મુજબનો ગ્રે કાપડનો માલ કુલ કિંમત રૂપિયા ૧૦,૩૯,૬૭૧/- નો ખરીદ કરેલ કરી, ઉપરોકત તમામ આરોપીઓએ શૈલેષકુમારને માલનાં નાણાં નહીં ચુકવી, શૈલેષભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આઇ.જાડેજા, ક્રાઇમબ્રાન્ચ નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા** : રાજીવકુમાર મહેક્ષ્વરચંદ (ઉ.વ.૫૫)(રહે,અશોકા એન્કલેવ, ક્રિષ્ના બંગ્લોઝ વિભાગ-૦૧ ની સામે, મોટેરા) એ તા.૪/૧/૨૦૧૭ નાં રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૧૬ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી ટ્રાવેલ ડીલ્સ બજારના માલીક રાહુલ ભસિન (રહે, પ્રતિક એપાર્ટમેન્ટ પશ્ચિમ વિહાર નવી દિલ્હી) એ રાજીવકુમારને વિશ્વાસમાં લઇ, તેમને તથા તેમના મીત્રોને સીંગાપુર-મલેશીયા ફરવા સારૂ ટુર પેટેના રૂપિયા ૫,૦૦,૦૦૦/- મેળવી રાજીવકુમાર તથા તેમના મીત્રોને ટુરમાં નહીં મોકલી, લીધેલ રૂપિયામાંથી ફક્ત રૂપિયા ૪૫,૦૦૦/- પરત કરી, લેણાં નીકળતાં રૂપિયા ૪,૫૫,૦૦૦/- આજદિન સુધી પરત નહી કરી, રાજીવકુમાર તથા તેમના મિત્રો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૩૩/૧૭**

| | |
|---|---|
| સાબરમતીઃ મૌસમીબહેન ડો/ઓ ચંદ્રકાંતભાઇ ભાવસાર (ઉ.વ.૧૮)(રહે.કામધેનું એપાર્ટમેન્ટ, રામનગર, સાબરમતી) તા.૧/૧/૧૭ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જમણા હાથમાં ત્રણ વિંટીઓ પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે.(સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| નિકોલ : ખુશ્બુબહેન દિલીપભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૧)(રહે.શીવદર્શન ડુપ્લેક્ષ, આદિત્ય ફ્લેટની પાસે, મનમોહન ચાર રસ્તા પાસે, નિકોલ) તા.૩૦/૧૨/૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનું જીન્સ પેન્ટ અને પીળા રંગનું ટોપ પહેર્યુ છે. દાઢીનાં ભાગે જુનુ વાગેલાનું નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| અમરાઇવાડીઃ શશીકાંત હિંમતભાઇ વૈષ્ણવ (ઉ.વ.૨૮)(રહે.રાજ રેસીડન્સી, ન્યુ મણીનગર, રામોલ) તા.૨૧/૧૨/૧૬ ના રોજ પોતાના ઘરેથી ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. એસ રંગનો ચોકડીવાળો શર્ટ અને ગ્રે રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૮ ઈંચ છે. (અમરાઈવાડી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૩૨૩૩૨) |  |
| સરદારનગરઃ અરવિંદભાઈ હિરાભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.બી વોર્ડ, રાધાસ્વામી ગેસવાળાની પાસે, કુબેરનગર, સરદારનગર) તા.૨૧/૧૨/૧૬ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જમણા હાથે છુંદણાથી "જયા" લખેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| કૃષ્ણનગરઃ ભૃગેશ વિઠ્ઠલભાઇ શાહ (ઉ.વ.૪૦)(રહે.શિવાજીપાર્ક સોસાયટી, કુબેરોશ્વર મહાદેવ સામે, સૈજપુર બોઘા, કૃષ્ણનગર) તા.૨૯/૧૨/૧૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરીએ જવાનું કહી નિકળ્યા બાદ ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનો લીટીવાળો શર્ટ અને સફેદ રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઇંચ છે. (કૃષ્ણનગર પોલીસ સ્ટેશન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| ઘાટલોડીયાઃ અનંતાબહેન દિપકભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨)(રહે.શ્રી ગણેશ એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા) તા.૨૮/૧૨/૧૬ ના રોજ પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઓરેન્જ રંગનુ ટોપ અને લીલા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| સરખેજઃ સોનલબહેન વિજયભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે.શંકરપુરા, કૈલાશ તલાવડી પાસે, સરખેજ) તા.૩૦/૧૧/૧૬ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને રંગે ગોરા છે. સફેદ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (સરખેજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૨૧૩૮૫) |  |
| મેઘાણીનગરઃ કિશોરસિંગ ચતુરસિંગ રાજપુત (ઉ.વ.૨૫)(રહે.તેજાજી કાળુજીની ચાલી, ચમનપુરા મેઘાણીનગર) તા.૨૨/૧૨/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી જીન્સનું પેન્ટ અને શર્ટ પહેર્યો છે. હોઠ ઉપર જુનુ વાગેલાનું નિશાન છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| સેટેલાઇટ : તુલસીબહેન પ્રમચંદભાઇ મેણા (ઉ.વ.૩૦)(રહે.પ્રેમચંદનગર રોડ, રણુજાનગર સેટેલાઇટ) તા.૨૦/૧૨/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. જાડા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો ચણીયો બ્લાઉઝ અને લાલ રંગની ઓઢણી પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે.(સેટેલાઇટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| વટવાઃ રાજેશભાઇ ઉર્ફે રાજા મહેશભાઇ પરમાર (ઉ.વ.૧૮)(રહે.ઇશ્વરબાગ ટેનામેન્ટ, શારદા સ્કુલની બાજુમાં, ઇસનપુર) તા.૨૭/૧૨/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. જે મુંગા છે. શરીરે વાદળી રંગનું ટી-શર્ટ અને કાળા રંગનો ચડ્ડો પહેર્યો છે. ડાબા હાથનાં કાંડાનાં ભાગે જુનુ વાગેલાનું નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)